ગાંધીનગર સમાચાર
તા. ૨૫-૧-૨૦૧૫, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

# ઓબામા મુદ્દે અતિરેક

પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાન તરીકે નિમંત્રિત કરાયેલ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બરાક હુસેન ઓબામાની ભારતયાત્રા અન્ય અમેરિકાના રાષ્ટ્રના વડાની ભારતયાત્રા કરતાં ઘણી વધુ મહત્ત્વની હોવાનો અહેસાસ કરાવીને ભારત સરકાર પ્રજાને શો સંદેશ પાઠવવા માગે છે? શું ઓબામા દુનિયાના શહેનશાહ છે? અંગ્રેજ રાજ વખતે કિંગ એડવર્ડ કે કિંગ પંચમ જયોર્જ હિન્દુસ્તાનની મુલાકાતે આવતા ત્યારે 'લોન્ગ લિવ ધ કિંગ' વાળું રાષ્ટ્રગીત વગાડી એમની સામે દેશી રજવાડાં મુજરા ભરતાં એ પ્રકારનો માહોલ એકવીસમી સદીની વિશ્વની સૌથી મોટી લોકશાહી અને ઊભરતી મહાસત્તાએ શું કામ ઊભો કરવો પડે છે? અમેરિકા પણ ચીન, જાપાન, યુરોપીય રાષ્ટ્રો કે કેનેડા - ઓસ્ટ્રેલિયા જેવો દુનિયાનો એક સમૃદ્ધ દેશ છે અને લોકશાહી મૂલ્યોમાં માનતો હોઈ એ ભારતને 'કુદરતી સહયોગી' (નેચરલ એલાઈ) હોઈ શકે, પરંતુ એના વડા માટે આકાશથી પાતાળ લગી આખું તંત્ર ખડેપગે રહે, ભારતના વડાપ્રધાન એમના સ્વાગત માટે પ્રસ્થાપિત પ્રોટોકોલનો ભંગ કરીને એમને એરપોર્ટ પર રિસીવ કરવા દોડી જવાનું વિચારે, એ જરા વધું પડતું નથી લાગતું? કાન્તિ ભટ્ટ જેવા વરિષ્ઠ અને અભ્યાસુ પત્રકારે વિવિધ માધ્યમો અને સામયિકોમાંથી ઓબામા વિશે અમેરિકા સહિત દુનિયાના અન્ય વિસ્તારોમાં પ્રવર્તતા નકારાત્મક અભિપ્રાયો ટાંકીને એમને દંભી 'હિપ્રોક્રેટ' ગણાવ્યા છે. એથી ઊલટું ભારતના વડાપ્રધાન એમને ખભે ઊંચકીને આર્ષદષ્ટા તરીકે સ્થાપિત કરી રહ્યા છે. યુદ્ધખોર માનવ ધરાવતા ઓબામાએ સત્તા પર આવીને નોબેલ મેળવવા કરેલા પ્રયાસો હવે છાના નથી રહ્યા. આપણા રાષ્ટ્રપિતાની 'અહિંસા'ને એ વખાણે છે, પણ બીજી તરફ વિશ્વના નબળા દેશો પર ધાક જમાવવા માટે હિંસક શસ્ત્રોના સોદાગર તરીકે શું નથી કરતા, એ જ પ્રશ્ન છે. પાકિસ્તાનને ઢગલા મોડે શસ્ત્રો અને અબજો ડૉલરની સખાવત કર્યા પછી હવે જયારે ભારતની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે પાકિસ્તાનમાં આશ્રય લઈ રહેલાં આતંકવાદી જૂથો પર પ્રતિબંદ મુકાવવાનો હુકમ કરનારા અને સરહદ પારથી ભારતયાત્રા દરમિયાન કોઈ અળવીતરું કર્યું તો ખરે નથી - એવી ચીમડી આપનાર ઓબામાની બે મોઢાની વાતો પર વિશ્વાસ કરવાનું ભારતને ભારે પડી શકે છે મહેમાન તરીકે નોતરીએ ત્યારે લાલ જાજમ જરૂર પાથરીએ, પણ એમના સન્માનમાં તમામ મર્યાદાઓ ઓળંગી જવાથી તો ઉલટાનું આપણું જ પોત પોતાળું હોવાનું વરતાશે. ઓબામા ફક્ત અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ છે, તે પણ હવે ગણતરીના મહિનાઓ પૂરતા, કારણ કે ત્યાં પ્રમુખને ત્રીજી ટર્મ નથી મળતી. પરંતુ એમને ગજાબહારનું મહિમા મંડન ગમે છે, અને પોતાની જેમ જ ભારતના વડાપ્રધાન પણ સામાન્ય ચાવાળાથી ઉપર ઉડી ભારતના વડાપ્રધાન બન્યા હોવાની બાબતને લીધે હવે એ મોદીના પ્રશંસક પણ બની ચૂક્યા છે. પરંતુ આ જ મોદીને એમણે ૨૦૦૨નાં રમખાણોના ગુનેગાર ગણીને વર્ષો સુધી અમેરિકાના વિઝા નહોતા મળવા દીધી, તે કેમ ભૂલી જવાય છે? ઓબામાની સુરક્ષા માટે દેશ અબજોનું આધણ કરી રહ્યો છે. એથીય ઉપર, આગ્રાના તાજમહાલની મુલાકાત વેળાએ સમગ્ર શહેરમાં મોબાઈલ ટાવરોને સ્થગિત - નિષ્ક્રિય બનાવી દેવાનું પણ નક્કી કરાયું છે. એક વિદેશી માણસની સુરક્ષા ખાતર દેશનાં લાખો નાગરિકોના મૂળભૂત અધિકારને સ્થગિત કરી દેવાનો આ સરકારી ફતવો કેટલો વાજબી ગણાય? શું મોદી સરકાર ઓબામાથી એટલી હદે અંજાઈ ગઈ છે કે એ દુનિયા ભારતને અમેરિકાનાં ખંડિયા દેશ તરીકે ઓળખાવા લાગે એવી જીહજૂરી માટે મજબૂર બની ગઈ?

# શાળાના બાળકો અને વાલીઓ દ્વારા ટ્રાફિક અવેરનેશ રેલી યોજાઈ

## ડીએસપીએ જનજાગૃતિ રેલીનું ફ્લેગમાર્ચ કર્યું




ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના ચ-૦ ખાતે ટ્રાફીક પોલીસ અને પોદાર જમ્બો કિડ્સ સ્કૂલ કુડાસણ દ્વારા ટ્રાફીક અવેરનેશ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના બાળકો તથા વાલીઓએ મળીને ચ-૦ થી ઘ-૦ સુધી રેલી નીકાળી હતી. ગાંધીનગર ડીએસપી શરદ સિંઘલ દ્વારા રેલીનું ફ્લેગ માર્ચ કરી પ્રસ્થાન કરાવાયું હતું. સમાજને રોડ સેફ્ટી અને ટ્રાફીક રૂલ્સની સમજ માટે સૂત્રોચ્ચાર અને સ્લોગન દ્વારા જનજાગૃતિ લાવવાનો પ્રયાસ રેલીનો મુખ્ય ઉદ્દેશ હતો. આ રેલીમાં ૧૫૦ જેટલા બાળકો અને વાલીઓ ઉપરાંત શાળાના હેડ મેસ્ટ્રેસ રીચા ટંડન તથા એડમીન પલક દાણી અને ટીચીંગ સ્ટાફ પણ જોડાયા હતા.

## હરિની દ્દષ્ટિ...




સાચી આઝાદીની શરૂઆત હવે થઈ...સફાઈ અભિયાનથી...!!

# મહર્ષિ અત્રિ વિદ્યાલયમાં વાલી ચિંતન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

મહર્ષિ અત્રિ વિદ્યાલયમાં વાલી ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંપ્રત સમયમાં માતાપિતાની સમસ્યા એ છે કે બાળકો સાથેનું વાણી-વર્તન-વ્યવહાર જેવા મનોવૈજ્ઞાનિક તથા શૈક્ષણિક મુદ્દાઓની છણાવટ ચિંતન શિબિરના તજજ્ઞ શ્રી રૂપેશ પટેલ દ્વારા ખૂબ જ સારી રીતે કરવામાં આવેલ. શાળાના ટ્રસ્ટીશ્રી ભરતભાઈ ઠુમર તથા આચાર્યશ્રી ભરતસિંહ રાઠોડે પણ વાલીઓને માર્ગદર્શન આપ્યું હતું. ખૂબ જ મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા ૨ ફેબ્રુઆરીએ વાર્ષિક સ્નેહમિલન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ, ગાંધીનગરનો અગીયારમો વાર્ષિક સ્નેહમિલન સમારંભ આગામી તા. ૮મી ફેબ્રુઆરીના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે સેક્ટર-૧૭, ટાઉનહોલ ખાતે યોજવામાં આવશે.

આ ઉપરાંત આ કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓ, વિશિષ્ટ સિદ્ધિ મેળવનારાઓ, બઢતી, નવી નિમણુંક મેળવનારાઓ તથા સમાજના સેવા નિવૃત્ત અધિકારી, કર્મચારીઓનું સન્માન પણ કરવામાં આવશે. આથી જરૂરી વિગતો નામ, સરનામા, ટેલીફોન નંબર સહિતની વિગતો જે તે વોર્ડના કારોબારી સભ્ય મારફત પ્રમુખ શ્રી ડૉ. કે.એન. બામણીને રૂબરૂમાં મોકલી આપવા જણાવાયું છે.

# સી.યુ. શાહ સાયન્સ કોલેજમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે દેખાવો

ગાંધીનગર, તા. ૨૪

આજ રોજ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ઇન્કમટેક્ષ ખાતે આવેલ સી.યુ. શાહ સાયન્સ કોલેજમાં ગ્રાન્ટેડ બેઠકો ખાલી હોવા છતાં સેલ્ફ ફાઈનાન્સના વિદ્યાર્થીઓને ગ્રાન્ટેડ બેઠકોમાં પ્રવેશ ન આપતા કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ દ્વારા કોલેજ દેખાવો કરવામાં આવ્યો હતો. અને વિદ્યાર્થીઓમાં રોષ ફાટી નીકળ્યો હતો.

સી.યુ.શાહ સાયન્સ કોલેજમાં આજરોજ આ બાબતે એન.એસ.યુ.આઈ. દ્વારા કોલેજમાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને કોલેજના સત્તાધીશોને કારણે પડેલી મુશ્કેલી સામે દેખાવ કરવામાં આવ્યા હતા એન.એસ.યુ.આઈ.ના અગ્રણી જયમીન આસોડિયા અને હિરેન આસોદીયાની આગેવાનીમાં કોલેજ સત્તાદીશો સામે ઉગ્ર રજૂઆત કરી આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને ભારે સુત્રોચ્ચાર 'હાય રે મેનેજમેન્ટ હાય હાય. એન.એસ.યુ.આઈ. ઝિંદાબાદ, બંધ કરો બંધ કરો વિદ્યાર્થીઓનું શોષણ બંધ કરો.' જેવા સૂત્રોચ્ચાર મોટી સંખ્યામાં કરવામાં આવ્યા હતા.

એન.એસ.યુ.આઈ.ના અગ્રણી જયમીન આસોડિયા અને હિરેન આસોદીયાએ જણાવ્યું હતું કે કોલેજમાં સામાન્ય વર્ગ અને મધ્યમવર્ગના વિદ્યાર્થીઓ કોલેજમાં અભ્યાસ કરે છે. તે વિદ્યાર્થીઓને સેલ્ફ ફાઈનાન્સમાં પ્રવેશ મળેલ છે. કોલેજમાં ગ્રાન્ટેડ બેઠકો ખાલી હોવાથી તે વિદ્યાર્થીઓનેગ્રાન્ટેડ બેઠકો પર પ્રવેશ આપવામાં આવે.

એન.એસ.યુ.આઈ.ના અગ્રણીએ વધુમાં જણાવ્યું હતું કે, આજ રોજ ૧૨ કલાકે કોલેજના કમ્પાઉન્ડમાં એન.એસ.યુ.આઈ. અને વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓનો સાથે મળીને કોલેજના સત્તાધીશોને ગ્રાન્ટેડ બેઠકોમાં પ્રવેશ આપવામાં નહિ આવે તો એન.એસ.યુ.આઈ. દ્વારા ઉગ્રાત્મક દેખાવો કરવામાં આવશે. આ આંદોલનમાં એન.એસ.યુ.આઈ.ના અગ્રણી મિતુલ પટેલ, વિમિત દેસાઈ, પાર્થ ઝાલા, દિવ્યાંગ પરીખ સહીત કાર્યકરો તેમજ ૨૦૦ થી વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ જોડાયા હતા.

# નહેરુ યુવા કેન્દ્ર દ્વારા ૩૦મીએ યુવા સંમેલન

ગાંધીનગર, તા. ૨૪

નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા જિલ્લાકક્ષાના યુવા સંમેલનનું આયોજન આગામી તા. ૩૦મી જાન્યુઆરીના રોજ સવારે ૧૦.૦૦ વાગે યુથ હોસ્ટેલ, સેક્ટર-૧૬ કાતે કરવામાં આવ્યું છે.

આ યુવા સંમેલનમાં યુવા પ્રવૃતિને લગતા વિવિધ કાર્યક્રમો અને યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરોક્ત રાજ્ય/કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોના અધિકારીઓ પણ ઉપસ્થિત રહીને યુ.કે.ની યોજનાઓમાં રાષ્ટ્રીય યુવા કાર્યક્રમ, યુવાનો માટે સ્વરોજગારલક્ષી તાલીમ, ઉદ્યોગ સાહસિકતા કાર્યક્રમ કે.વી.આઈ. સી/એમ.એસ.એમ.ઈ દ્વારા પણ યુવાનો માટેની યોજનાઓ અંગે માર્ગદર્શન વિવિધ તજજ્ઞો દ્વારા આપવામાં આવશે.

આ ઉપરાંત જિલ્લામાં ગ્રામ વિસ્તારના એસ.એચ.જી.ના સભ્યો દ્વારા યુવા કલા-કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવેલ હસ્તકલાના નમુનાનું નિદર્શન-પ્રદર્શન પણ રાખેલ છે. આ માટે વિના મુલ્યે જગ્યા ફાળવવામાં આવશે. આ ઉપરાંત રજીસ્ટર્ડ યુવા મંડળો/મહિલા મંડળોને નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર તરફથી રમત ગમતના સાધનોનું પણ વિતરણ કરવામાં આવશે. યુવા કૃતિ પ્રદર્શનમાં ભાગ લેનાર લાભાર્થીઓને પ્રમાણપત્ર તથા પ્રવાસખર્ચ આપવામાં આવશે.


# 'રીપબ્લીક' ને 'રીકન્સ્ટ્રકટ' કરવાનો સમય પાકી ગયો છે !!!

૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટે આઝાદી મળી પછી બે વરસ સુધી તો ભારતે ઉછીના બંધારણથી ચલાવ્યું. સ્વતંત્ર ભારતના સ્વતંત્ર નાગરિકોની ઈચ્છા મુજબનું દેશનું બંધારણ બની રહ્યું હતું. દેશના નાગરિકોની સુખ, સગવડ અને અધિકારો, જવાબદારીઓના દસ્તાવેજ સમાન બંધારણને બનાવતા બીજા બે વર્ષ થઈ ગયા. ૧૦૦ થી વધુ વર્ષોની બ્રિટીશ ગુલામી હોવા છતાં પણ આઝાદી પછીના આ બે વધુ વર્ષ બ્રિટીશ કાયદાઓ મુજબ ચાલવું નાગરીકોને આકરું લાગતું હતું.અંતે ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે ભારતને અને ભારતના નાગરિકોને મળ્યું પોતાનું બંધારણ કે જેના આધારે આવનારા વર્ષોમાં સ્વતંત્ર ભારત બ્રિટીશ ગુલામી અને કાયદાઓથી દુર થઈને પોતાનું અલગ અસ્તિત્વ અને આકાંક્ષાઓને પૂરી કરવા તરફ કુચ કરવાનું હતું. આવતીકાલે એ શુભ ઘડીનો ૬૬મો ગણતંત્રદિવસ આપણે પરેડ, માર્ચીસ, ધ્વજ વંદન અને ગણમાંનનીય અતીથીઓની હાજરીમાં ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે એક સવાલ થવો સ્વાભવિક છે કે ૧૯૫૦ની ૨૬મીથી ૨૦૧૫ની ૨૬મી સુધીમાં આપણે બંધારણને અને બંધારણ આપણને કેટલે અંશે વફાદાર - ઉપયોગી કે સર્વાંગી લાગ્યું કે થયું ?

ગણતંત્ર એટલે પ્રજા માટે, પ્રજા વડે અને પ્રજા દ્વારા ચાલતું શાશન. ૪૧૦ કલમો અને ૧૨ પરિશિષ્ટો ધરાવતું વિશ્વનું સૌથી લાંબુ લેખિત ભારતીય બંધારણની અમુક ખાસ અને મહત્વની બાબતો છે - સમાનતા, ન્યાય, સ્વતંત્રતા અને સુરક્ષા. બંધારણના ઘડવૈયાઓએ દેશના નાગરિકોને અમુક ઠોસ અધિકારોની ભેટ બંધારણ સ્વરૂપે આપી છે. મૂળ વિચાર અને એની પાછળનો ઉદેશ કદાચ ત્યારની ભારતીય પરીશથીતી પ્રમાણેનો હશે પણ આઝાદીના છ દાયકાથી વધુ સમય વિતાવી ચૂકેલું ભારત ૧૯૫૦ના ભારતથી ક્યાય આગળ નીકળી ગયું છે. પ્રગતી અને વિકાસની હરણફાળ ભરીને ભારત આજે વિશ્વના ટોચના દેશો સાથે પોતાનું આસન જમાવી ચુક્યું છે, વિશ્વમહાસત્તા બનવા તરફ પુરજોશમાં પ્રયાણ કરી ચુક્યું છે પણ ક્યાંકને ક્યાંક આ પેરેગ્રાફની પહેલી લાઈનમાં લખ્યું એ વડે, દ્વારા અને માટે વાળું બંધારણીય વિધાન હળવે હળવે એની ચમક અને વજન બંને ગુમાવી ચૂકતું હોય એવું લાગ્યા કરે છે.

બદલાયેલા સમયમાં જાતી, ધર્મ, લિંગ કે ભાષાના આધારે બંધારણની સત્યતા ચકાસવા બેસો તો ખોટું છે. સમય બદલી ગયો છે અને એ જ રીતે બદલી ગયો છે એ સમાજ પણ. એક સમયે આવા ખાનાઓમાં કેદ સમાજનો દાયરો આવા સંકુચિત ચોકઠાઓથી બહાર નીકળી ગયો છે અને બહુધા વર્ગ નીકળવાની આરે છે એવે વખતે બંધારણના મુખ્ય સુચીતાર્થોનો સમૂળગો અર્થ જ બદલી જાય છે. આજે માનવ ટેકનોલોજીના પ્રતાપે વર્ચ્યુલી કોઈ એક સીમાડાનો મોહતાજ નથી કે નથી કોઈ એક ચોક્કસ વિચારધારાનો બંધક એટલે સરવાળે બંધારણના મૂળભૂત અર્થો સમાનતા, સુરક્ષા વગેરેનો અર્થ એને મન અલગ અને પોતાની રીતનો છે એટલે બની શકે કે એ પોતાની રીતે બંધારણને વિચારી શકે કે અમલી બનાવી શકે. બંધારણના આરંભે ભારતને યુનિયન ઓફ સ્ટેટ્સ મતલબ કે રાજયોનો સમૂહ ગણવામાં આવ્યું છે. વાત પણ સાચી છે ભારત એના અનેક અને વિવિધતાસભર રાજયો વગર અધુરુ છે પણ ખાટલે મોટી ખોટ એ છે કે રાજયોની સ્વતંત્રતા મોટાભાગે કેન્દ્ર પર આધારિત છે. રાજયોની સત્તા સીમિત અને આધારિત છે. રાજયોને વધુ સત્તા અને પોતાના અલગ નિયમો કે બની શકે તો રાજયનું પોતાનું એક પુરક બંધારણ કે જે મુખ્ય બંધારણની તર્જ પર જ પણ જે તે રાજયની ભોગોલીક કે સામાજિક સ્થિતિ પ્રમાણે હોય એવો ફેરફાર કરવો જરૂરી છે જેનાથી ઘણીવાર બનતા રાજયો અને કેન્દ્રના સંઘર્ષો જેવા બનાવો અટકીને રાજયના નાગરિકોને બંધારણનો વધુ અને એ ઈચ્છે એવો લાભ મળી શકે છે.

આમ તો આપણે લોકશાહી રાષ્ટ્ર છીએ પણ છેલ્લા ઘણા વર્ષોથી લોકશાહીનું ટોળાશાહીમાં પરિવર્તન થઈ રહ્યું છે. જિસકી લાઠી ઉસકી ભેસનો ધમાકેદાર મંત્ર પોલીટીક્સથી પીપલ સુધી છુટથી વપરાય છે. લોકશાહી દેશની વિચારધારાથી હટીને ટોળાશાહી વિચારધારાના પાપે અરાજકતા વધે એવા બનાવો બને છે પછી ભલે ને એ સામાજિક સ્તરે હોય કે પછી રાજકીય સ્તરે પણ સરવાળે તો વી ધ યુનાઈટેડ સીટીઝનથી



રઝળપાટ

અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

સાવ ૩૬૦ ડીગ્રીવાળી વાત છે. બંધારણમાં લોકશાહીની વ્યાખ્યા છે ટોળાશાહીની નહિ અને એનું કારણ છે અત્યાર સુધીના રાજકીય નેતાઓની ટૂંકી દ્રષ્ટિ. દેશનો નાગરિક એક એવી પ્રણાલી કે સીસ્ટમ ઈચ્છે છે કે જેમાં ખરેખર ટોળાશાહી દ્વારા લેવાતા નાગરીકધર્મોના ભંગ જેવી ઘટનાઓ અટકે. બહુમતી અને લઘુમતીના રાજકીય ખેલના ઓથે લોકશાહીનું ટોળાશાહીમાં પરિવર્તન થાય એ પહેલા બંધારણને બદલવું પડે તો બદલાવી શકે એવી કોઈ ખરેખર લોકશાહીગત વિચારધારા ની જરૂર છે.

બંધારણે સમાનતાનો અધિકાર તો આપી દીધેલો છે પણ આજે ૬૬ - ૬૬ પ્રજાસતાક દિવસો પછી પણ સમાનતાનો સાચો અર્થ આપણે શોધીએ છીએ. સમાનતા શેની ? વિચારોની, સામાજિક સ્તરની કે પછી પ્રગતિની ? જવાબ હજુયે અનુત્તર જ છે. કમિશનો અને કમિટીઓ રચાતી જાય છે સામાજિક સમરસતાનો હલ શોધવા માટે પણ ખાયા પિયા કુછ નહિ ગિલાસ તોડા બારહ આના જેવો ઘાટ છે. લોકશાહી દેશની સરકારની પહેલી ફરજ છે કે સામાજિક સમરસતા બનાવી રાખે પણ અત્યારે તો જે કોઈ પણ નેતા મોઢું ખોલે કે તરત ગંદકી જ ઓકે છે. સવાલ એ નથી કે તમારું રાજકીય હીત શેમાં છે પણ સવાલ એ છે કે તમારા વાણી-વિલાસથી સામાજિક સમરસતામાં પડતી તિરાડો એ બીજું કાઈ નહિ પણ બંધારણે આપેલા સમાનતાના હક્કનો ખુલ્લેઆમ શીરછેદ જ છે. એઝ એ વી ધ પીપલ સમય આવી ગયો છે કે આવા બકવાસવીરોને પ્રોત્સાહન ના મળે, ટેકો નાં મળે કે એમના પદચિન્હો પર આપણા પગલા ના પડે સાચી બંધારણીય સમાનતા આવવાની શરૂઆત બસ ત્યાંથી જ અને ત્યારે જ થશે.

એમ તો બંધારણે બિનસાંપ્રદાયિક એવો પણ એક શબ્દ રાખ્યો જ છે પણ ખરેખર જીગર પર હાથ મુકીને જવાબ આપો કે શું આપણે કે આપણો દેશ બિનસાંપ્રદાયિક છે ખરો? જવાબ નહી આપો તો પણ ચાલશે કેમ કે આઝાદીથી અત્યાર સુધીનો ભારતનો સાંપ્રદાયિક ઈતિહાસ નજર સામે જ છે. ધર્મો અને ધાર્મિક માન્યતાઓથી આગળ વધીને ખરેખર પ્રગતિશીલ ભારતના નિર્માણનો મંત્ર જે બંધારણે આપણને આપેલો છે એને વળગીને ચાલવું કઠીન છે એટલીસ્ટ અત્યારની પરીશથીતીમાં. જો કે બહુમતી અને લઘુમતીના રાજકીય ખેલોને ભારતનો બહુધા વર્ગ ધીમે ધીમે પણ મક્કમપણે નજરઅંદાજ કરતો થઈ રહ્યો છે છતાં પણ દરેકને પોતાનો ધર્મ પાળવાની છૂટની બંધારણીય કલમની સાથે સાથે (આઈ રીપીટ પાળવાની નહિ કે જડતાથી વળગાડવાની) બિલકુલ એ જ રીતે બીજાના ધર્મોનો આદર કરવાની એક કલમ ઉમેરવાનો સમય પાકી ગયો છે. લઘુમતી કે બહુમતીના તુષ્ટિકરણમાં એ નાં ભૂલવું જોઈએ કે બંધારણની બિનસાંપ્રદાયિક કલમના નામે કોઈ પણ ધર્મની સાંપ્રદાયિક નીતિને નજરન્દાઝ કરવામાં આવે.

બંધારણ અને એનો અમલ કરવાની જવાબદારી એકલી સરકારો પર જ નાખ્યે ભારત ક્યારેય સાચું અને સમ્પૂર્ણ ગણતંત્ર નહિ જ બની શકે. સરકારો ચુંટીને પછી હાથ પર હાથ રાખીને તમાશો જોયે રાખ્યે થોડું સાચું ગણતંત્ર મળી જશે કે પછી બંધારણનો પુરેપુરો લાભ છેક છેવાડાના આદમી સુધી પહોચી શકશે ? એ માટે તો લોકોએ પણ એટલી જ જાગૃતિ બતાવવી પડશે. રાજકારણ અને ધર્મકારણ એ આ મહાન ભારતને ચલાવનારા બે મહત્વના પરિબળો છે એમાં કોઈ બેમત નથી જ પણ એ જોવું એટલું જ અગત્યનું છે કે આ બંને પૈડાઓ દેશના રથને અવળી દિશામાં લઈ જાય નહિ. લોકમત અને લોકવિરોધ એ બંને ભલે એક સિક્કાની જુદી જુદી બાજુ હોય પણ સિક્કો એનાથી જ પૂર્ણ બને છે એ નાં ભૂલવું જોઈએ. ૬૬ વર્ષ પહેલા અને ૬૬ વર્ષ પછીની પરીશથીતીમાં આભ જમીન જેટલું અંતર છે ત્યારે બદલાયેલા ભારતને જરૂર છે વધુ ચોક્કસ, વધુ યોગ્ય અને વધુ સ્વીકાર્ય બંધારણીય ફેરફારોની. સરકારોના નાક સુધી આ ફેરફારોની માંગની ગંધ પહોચાડવા માટે વધુ ને વધુ લોકોએ બંધારણીય રીતે આગળ આવવું પડશે એ એક માત્ર જ રસ્તો છે.

ભારતના સદભાગ્યે વિશ્વમાં સૌથી વધુ યુવાનોથી ભરપુર દેશ બનવાનું સબળું જમા પાસું એના હિસ્સામાં છે અને વીસમી સદીના આ યુવા શુરવીરો કોઈ ગાડરિયા પ્રવાહમાં ખેચાઈને કઠપુતલી બનતા પહેલા પોતાની રીતે વિચારી શકે છે અને એ વિચારોને વ્યક્ત કરી શકે છે, ભલે ને ક્યારેક એ વ્યક્તત્તાની રીત ખોટી હોય તો પણ. નિર્ભયા કે જનલોકપાલ જેવા સ્વયંભુ આંદોલનો એના સાક્ષી છે અને બસ આ જ ઉમ્મીદ પર ભારત કાયમ છે. વધુ ને વધુ યુવાનો સામાજિક જવાબદારીઓ સ્વીકારતા થયા છે. અહી કોઈના વખાણ કરવાનો ઈરાદો નથી પણ નરેન્દ્ર મોદીની સરકાર કદાચ દેશની એકમાત્ર એવી સરકાર હશે કે જેના પર યુવાનોને સમ્પૂર્ણ વિશ્વાસ છે. આમ તો બંધારણ એક આલેખ છે એનો અમલ થવાની જવાબદારી સરકારો પર જ નિર્ભર હોય છે અને અત્યાર સુધી તો એમાં લોકભાગીદારી જેવું કોઈ ત્રીજું પરિમાણ દેખાયેલું નહોતું પણ નરેન્દ્રમોદીની સરકારે વિવિધ રીતે લોકોને અને ખાસ કરીને યુવાનોને બંધારણીય હક્કો કે ફરજો પ્રત્યે સભાન કરવાનું અને એમાં જોડાવાનું સ્તુત્ય કાર્ય શરુ કર્યું છે એની નોંધ અને સરાહના રાજનીતિથી ઉપર ઉઠીને પણ લેવી ઘટે.

બંધારણ નિષ્ફળ ગયું છે એવી વારેવારે ઉઠતી બુમરાણો માટે તો એટલું જ કહેવું પડે કે જો ખરેખર બંધારણ નિષ્ફળ ગયું હોય તો એનો અર્થ એ કે આપણે એને બરાબર ઘડ્યું નથી પણ સાવ એવું નથી. હકીકત એ છે કે આપણે બંધારણના અર્થો આપણી અનુકુળતા મુજબ કાઢવાની ટેવ છોડી શકતા નથી. બંધારણ સર્વોપરી છે એનાથી વિપરીત આપણે સર્વોપરી છીએ એવા ખ્યાલમાં અટવાયેલા છીએ જયારે અસલમાં બંધારણ આપણા માટે જ છે અને અલ્ટીમેટલી એ સર્વોપરી થાય એનો સીધો અર્થ એ જ કે આપણે સર્વોપરી થયા અને એવું ના થતું હોય તો ચેન્જ ઈટ. અત્યાર સુધીમાં સોએક વાર તો ફેરફારો કરી ચુક્યા છીએ.એ વાત બિલકુલ સાચી છે કે કોઈ બદલાવ જો તમે ઈચ્છતા હો તો એ બદલાવનો એક ભાગ તમારે બનવું જ પડે. રાજકારણના કાદવને સાફ કરવા માટે ગંદા છાંટા ઉડશે એની બીક રાખ્યા વગર કુદી પડો તો આજે નહિ તો કાલે એમાં સફળ થાવ જ. દેશના રાજકારણમાં જડ, છાપેલા કાટલાં ટાઈપ નેતાઓનો કુ-યુગ સમાપ્ત થવા જઈ રહ્યો છે એ હકીકત છે અને એનું કારણ છે વધુને વધુ સામાન્ય લોકોનો રાજકારણમાં પ્રવેશ. બંધારણે આપેલા સમાનતા અને સ્વતંત્રતાના હક્કનો દેશની રાજકીય કરવટ બદલવામાં ઉપયોગ થતો દેખાઈ રહ્યો છે અને એ જરૂરી છે કોઈ પણ દેશને સાચું રિપબ્લિક બનાવવામાં. આમુખમાં આલેખાયેલા લોકો દ્વારા.. આ શબ્દમાં કૈક નવું કરવા માંગતા, સીસ્ટમ બદલવા માંગતા કે બદલાવને ટેકો આપવા માંગતા લોકોની - સામાન્ય લોકોની સંખ્યા જેટલી વધશે એટલી વધુ સારી અને સચોટ રીતે બંધારણના લાભોની પહોચ વધુને વધુ નાગરિકો સુધી પહોચશે એ ચોક્કસ છે.

અસલ રિપબ્લિકનો અર્થ જ એ છે કે જેમાં લોકોની ઈચ્છા સર્વોપરી હોય અને એ માટે વધુને વધુ લોકોએ દેશની વૈચારિક યાત્રામાં ભાગ લેતા શીખવું પડશે. પાર્ટી કે ધર્મોના પોલીટીક્સથી ઉપર ઉઠીને ઈન્ડિયા ફર્સ્ટ એ સૂત્ર અપનાવવું એટલા માટે જરૂરી છે કે તો જ બંધારણે આપેલા સમાનતા, સુરક્ષા કે સમરસતાના આલેખોની યથાર્તતા ચરિત થશે. ગરીબી, બેકારી કે અવિકસીતતાના માહોલમાં આવનારા એકાદ દાયકામાં ભારત સાચું રિપબ્લિક બનશે જ એ ધરપત એટલા માટે છે કે ૧૯૫૦ના ભારત અને ૨૦૧૫ના ભારતમાં મોટો ફેરફાર છે સકારાત્મક સોચનો, બદલાયેલા નેતૃત્વનો અને ખાસ કરીને એ કરોડો યુવાનોનો જેઓ બદલાવ ઝંખે છે, એક એવો બદલાવ કે જેનાથી આ ૬૬ વર્ષોમાં ફક્ત બંધારણના પાને જ રહી ગયેલા અનેક લાભો અને હક્કોનો સાપેક્ષ સ્થિતિના સદર્ભમાં દેશના દરેક નાગરિકને ફાયદો મળે...મુશ્કિલ છે પણ નામુમકીન તો નથી જ....બસ આ જ છે ૬૬માં પ્રજાસત્તાક દિવસની શુભેચ્છાઓ...!!!